**<u>ફોર્મ એ</u>**

**આંક–**

| |
|---|
| **કપડવંજના મે.સે.એડી. સીનીયર સીવીલ જજ અને સે.એડી. ચીફ જયુ. મેજી. સાહેબની કોર્ટ, મું.કપડવંજ હાજર: શ્રી યુ.એસ.કાલાણી, સે.એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, કપડવંજ (જજમેન્ટ આપ્યાની તારીખ : ૩૦/૦૪/૨૦૨૬) (કેસ નં.૧૦૫૯/૨૦૨૪) (ગુન્હાની કલમ– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.)** |

| | |
|---|---|
| ફરીયાદી | શ્રીરામ ફાયનાન્સ લી.ના અધિકૃત અધિકારી,<br>શ્યામ અજીતકુમાર મહેતા,<br>ઉ.વ.૩૨, ધંધો: નોકરી,<br>રહે.શોપ નં.૧૧–૧૨, નેશનલ પ્લાઝા કોમ્પ્લેક્ષ,<br>એસ.ટી.ડેપો પાસે, મુ.તા.કપડવંજ,<br>જી. ખેડા |
| ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી | ડી.આર.બેનેવાલ |
| આરોપી | સંજયકુમાર મણીલાલ વાઘેલા,<br>ઉ.વ.૪૦, ધંધો : વેપાર<br>રહે.મુ.પો.વડોલ, તા.કપડવંજ જી.ખેડા |
| આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી | આર.જે.પઠાણ |

**<u>ફોર્મ – બી</u>**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૨/૦૯/૨૦૨૪ |
| એફ.આઈ.આર. ની તારીખ | ––– |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | --- |
| તહોમતનામુ/પ્લી લેવાની તારીખ | ૧૮/૦૧/૨૦૨૫ |
| પુરાવો લેવાનો ચાલુ કર્યા તારીખ | - |
| દલીલ સાંભળેલ તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ(જો હોય તો) | ૩૦/૦૪/૨૦૨૬ |

## **આરોપીની વિગતો**

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપીસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદ્દતનો સમય ક્રિ.પ્રો. કોડની કલમ-૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ (એક) | સંજયભાઈ મણીલાલ વાઘેલા | -- | -- | ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ-૧૩૮ | સજા | ૧ વર્ષની સાદી કેદ અને ચેકની રકમ | -- |

## **ફોર્મ - સી**

### **એ-ફરીયાદપક્ષના સાક્ષી:-**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | - | - | - |

### **બી-આરોપીપક્ષના સાક્ષી:-**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | - | - | - |

**સી–કોર્ટ તરફેના સાક્ષી:–**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**એ–ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો:–**

| નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૯ | ફરીયાદી બેંકનુ મર્જર સર્ટીફીકેટની કોપી |
| ૨. | ૩૦ | નોંધણીનુ સર્ટીફીકેટની કોપી |
| ૩. | ૩૧ | પાવર ઓફ એટર્નીની નકલ |
| ૪. | ૩૨ | અસલ ચેક |
| ૫. | ૩૩ | ડીપોઝીટ સ્લીપની કોપી |
| ૬. | ૩૪ | રીટર્ન મેમોની કોપી |
| ૭. | ૩૫ | લીગલ નોટીસ |
| ૮. | ૩૬ | આર.પી.એ.ડી.સ્લીપ અસલ |
| ૯. | ૩૭ | ટ્રેક રેકર્ડ |
| ૧૦. | ૩૮ | આરોપીના લોન અકાઉન્ટ સ્ટેટમેનટની સિકકાવાળી અસલ |

**બી–આરોપીપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો:–**

| નંબર | આંકના નંબર | વિગત |
|---|---|---|
| ૧. | – | – |

**સી–કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજો:–**

| નંબર | આંકના નંબર | વિગત |
|---|---|---|
| ૧. | – | – |

**ડી–મહત્વની વસ્તુઓ:–**

| નંબર | આંકના | વિગત |
|---|---|---|

| | નંબર | |
|---|---|---|
| – | - | – |
| – | - | – |

**–:: જ જ મે ન્ટ ::–**

(૧) ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીએ ફરીયાદી કંપની પાસેથી પર્સનલ લોન માટેની રૂ.૮૦,૦૦૦/– ની અરજી કરેલ જે મુજબ જરૂરી કાર્યવાહી કરી તેઓને લોન આપવામાં આવેલ જે લોન એગ્રીમેન્ટ નં.CDKAATW1611300003 છે. જે આરોપીએ શરતો મુજબ રૂ.૩૩૬૨/–નો એક એવા ૩૬ મન્થલી હપ્તામાં રકમ ભરવાની હતી, પરંતુ ભરેલ નહી અને માંગણા પેટે એચ.ડી.એફ.સી.નો રૂ.૧૧૨૦૬૯/– નો તા.૯/૭/૨૦૨૪ નો ચેક નં.૦૦૦૦૩૩ નો એકાઉન્ટ નં.૫૦૧૦૦૦૭૩૨૧૮૭૪૨ નો ચેક આરોપીએ ફરીયાદી રૂબરૂ સહી કરી વિગતો ભરી આપેલો અને સદર રકમ ચેક જમા કરાવતા તેના નાણાં મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો. જે ચેક તેઓએ પોતાની બેંકમાં રજુ કરતાં સદર ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ''ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત ફરેલો, જેની જાણ તેઓને થતાં આરોપી તે બદલનો રીટર્ન મેમો તા.૧૧/૦૭/૨૦૨૪ ના રોજ તેઓને ચેક રીટર્ન મેમો પરત કરેલ અને સદર ચેકના નાણાં તેઓને જમા વસુલ મળેલ નહી. તેઓએ ચેક પરત ફર્યા બાદ આરોપીને તેઓના વકીલ મારફતે સદર ચેક રીર્ટન થયા અંગેની નોટીસ રજી.એડી.પોસ્ટથી તા.૧/૮/૨૦૨૪ ના રોજ રજી.એડી.પોસ્ટથી નોટીસ આપેલી જે આરોપીને તા.૬/૮/૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતા ફરીયાદીની નોટીસનો કોઈ અમલ કરેલ નથી કે તેમના નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. ફરીયાદીને આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ કરવાની જરૂર પડેલ છે.

(૨) ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકતવાળી ફરીયાદ રજુ કરતાં ફરીયાદીની

ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે આરોપી વિરૂઘ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદરહુ ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ ઘ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડેલ. વધુમાં સદરહુ ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ મુજબ આ અદાલત ઘ્વારા આંક–૧૩ થી આરોપીનો જવાબ (પ્લી) નોંઘવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતાં સદરહુ ફરીયાદનું કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૪) સદર કામના ફરીયાદપક્ષે ફોર્મ–સી મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. સદર કામે ફરીયાદપક્ષે આંક–૪૦ થી કલોઝીંગ પુરસીશ રજુ કરી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ.

(૫) પ્લી લીઘા બાદ આરોપી હાજર ન રહેતા તેઓને હાજર રખાવા વોરંટ કાઢવામાં આવેલ, પરંતુ આરોપી ઈરાદાપૂર્વક નાસતા–ભાગતા રહી વોરંટની બજવણી ટાળી ટ્રાયલ દરમ્યાન ઉપસ્થિત ન રહેતા તેઓનો ફરીયાદીની ઉલટતપાસ લેવાનો તા.૬/૧૦/૨૦૨૫ ના રોજ અને સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનું વિશિષ્ટ નિવેદનનો હકક તા.૧૬/૩/૨૦૨૬ ના રોજ બંઘ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષની દલીલો સાંભળી આરોપીની દલીલોનો હકક પણ બંઘ કરવામાં આવેલ.

(૬) આ કામે ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવો ઘ્યાને લેતા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

**(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,** આરોપીએ એચ.ડી.એફ.સી.નો રૂ.૧૧૨૦૬૯/– નો તા.૯/૭/૨૦૨૪ નો ચેક નં

.૦૦૦૦૩૩ નો રૂ.૧૧૨,૦૬૯/– પુરાનો ફરીયાદવાળો ચેક ફરીયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરીયાદીને આપેલ છે ?

(૨) શું આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગે આ કોર્ટના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં,
(૨) હકારમાં,
(૩) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાને આધીન જવાબ આપેલ છે તે અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**<u>– : કા ર ણો : –</u>**

**<u>મુદ્દા નં.૧</u> ::–**

(૯) આ કામે આરોપી સામે નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની વ્યાખ્યા ધ્યાને લેતાં,

**(૯.૧) કલમ–૧૩૮ નીચે મુજબ છે.**–

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.**—**

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of

the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless—

**(a)** the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

**(b)** the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

**(c)** the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice. Explanation.—For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

**(૯.૨) કલમ–૧૩૯ નીચે મુજબ છે.–**

Presumption in favour of holder.**—**

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

**(૧૦)** ઉપરોકત વ્યાખ્યાના આવશ્યક તત્વો ધ્યાને લેતાં ડ્રોવર ધ્વારા ચેક આપવામાં આવેલ હોય, જે ચેક અપુરતાં ભંડોળના કારણે અથવા તો બેન્ક સાથે થયેલ ગોઠવણ કરતાં ચેકની રકમ વધારે હોય તેવા સંજોગોમાં ચેક પરત ફરે અને તે ચેક પરત ફર્યાની જાણ થયા બાદ દિન–૩૦ માં ચેકના ડ્રોવરને તે અંગેની લેખિત નોટીસ આપવામાં આવે અને તે નોટીસ મળી ગયા બાદ ૧૫ દિવસમાં જો નાણાં ચુકવવામાં ન આવે તો ૩૦ દિવસમાં કોર્ટમાં લેખિત ફરીયાદ કરી શકાશે અને ત્યારબાદ જ કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકશે. જે ચેક આપવામાં આવેલ હોય તે કાયદેસર લેણી રકમ પેટે આપવામાં આવેલો હોવો જોઈએ. સને–૨૦૦૨ થી ચેકોની ક્રેડીબીલીટી વધારવા કલમ–૧૩૮ ના ગુનાને ફોજદારી સ્વરૂપ આપવામાં આવેલ અને આવા ગુનાઓ પ્રમાણ વધતાં તેમાં સજાની જોગવાઈ અને ચેકની રકમરૂપે વળતરની જોગવાઈ કરવામાં આવેલ.

**(૧૧)** આ કામે કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં તેમાં નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ મુજબના અનુમાનો આપવામાં આવેલ છે. જે અનુમાનો જોતાં જે ચેક આપવામાં આવેલ છે તે કાયદેસરની લેણી રકમ પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવામાં આવશે અને કલમ–૧૧૮ ના અનુમાનો જોતાં તે ચેક અવેજ પેટે આપવામાં આવેલ છે અને તેમાં તારીખ વિગેરેની વિગતો લખેલ છે તે અંગે અનુમાન કરવામાં આવશે. એટલે કે, જયારે કોઈપણ વ્યકિત નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે ફરીયાદ લઈને આવે ત્યારે કાયદા અન્વયે એવું અનુમાન કરવામાં આવશે કે તે ચેક તેમને કાયદેસરની લેણી રકમ પેટે આપવામાં આવેલ

હતો અને ચેક કાયદેસર લેણી રકમ પેટે આપવામાં આવેલ ન હતો તેનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે. **નામદાર સર્વોચ્ચ ન્યાયાલય બસલીગપ્પા વિરુધ્ધ મુધીબસપ્પા, ૨૦૧૯(૫) એસસીસી, પાન નં.૪૧૮ માં** ઠરાવેલ છે કે, જયારે એક વખત ચેકનું એકઝીકયુશન પુરવાર થયેલ છે ત્યારે કલમ–૧૩૯ મુજબ જે અનુમાન છે કે ચેક કાયદેસરની લહેણી રકમ પેટે આપવામાં આવેલ હતો અને તે અનુમાન ખંડનાત્મક પાત્ર છે અને આરોપી ઉપર જે સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ આ અનુમાનનું ખંડન કરવા માટેનું છે તે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી છે. જેથી કાયદાની કાયદાની જોગવાઈ મુજબ શંકાથી પર પુરવાર કરવાનું નથી પરંતુ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનો પુરાવો રજુ કરવાનો રહેશે અને આરોપીને તે માટે વીટનેશ બોક્ષમાં પણ આવવાની જરૂર નથી, પરંતુ ફરીયાદીએ જે મટીરીયલ એટલે કે જે પુરાવો રજુ કર્યો હોય તેમાંથી અથવા તો સંજોગોથી પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીનું અનુમાન કરી શકાય.

**(૧૨)** હવે હાલના કેસમાં આ કામે હાલની ફરીયાદ ફરીયાદી શ્યામ અજીતકુમાર મહેતાનાઓએ કરેલ છે અને તેમની ફરીયાદના સમર્થનમાં આંક–૫ થી સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે. જેમા તેઓએ ફરીયાદની હકીકતનું સમર્થન અને પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે આરોપીએ ફરીયાદી કંપની પાસેથી લોન લીધેલ જે લોન ચુકવેલ નહી અને તે લોનના નાણાંની ચુકવણી પેટે ફરીયાદવાળો ચેક આપેલ અને તે ચેક ફંડસ ઈનસફીસીયન્સના શેરા સાથે પરત આવેલ હોય આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે ગુનાહિત કૃત્ય કરેલ હોઈ ફરીયાદીએ આંક–૩૫ થી આરોપીને તા.૧/૮/૨૦૨૪ ના રોજ રજી. પોસ્ટ એડીથી આરોપીને નોટીસ મોકલાવેલી તે નોટીસ આંક–૩૭ થી આરોપીને તા.૬/૮/૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતાં ફરીયાદીની નોટીસનો કોઈ અમલ કરેલ નથી કે તેમના નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. ફરીયાદીને આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ કરવાની જરૂર પડેલ છે.

ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, આ કામના આરોપી કંપની પાસેથી પર્સનલ લોન લીધેલ અને તેના હપ્તા સમયસર ચુકવેલ નહી જેની ચુકવણી બાબતે આરોપીએ તેમના ખાતામાંથી આંક–૩૨ વાળો ચેક આપેલો. જે ચેકમાં અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે. આરોપી હાજર ન રહેતા તેમની ઉલટ તપાસ અને વધારાના નીવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે. નેગો.ઈન્સ. એકટ–૧ ૩૮ અને ૧૩૯ની જોગવાઈઓ ધ્યાને લેતાં, ચેક કાયદેસર લેણી પેટે આપવામાં આવેલ છે તેવુ અનુમાન તેવુ કાયદાનું અનુમાન છે અને તેનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે અને આરોપીની તેવું ખંડન કરવામાં આરોપી નિષ્ફળ રહેલ છે.

(૧૩) ફરીયાદી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી સામેનો કેસ પુરાવાથી સાબીત થયેલો છે તેમજ ફરીયાદી પાસેથી આરોપીએ રૂ.૧,૧૨,૦૬૯/– રકમ ડુબાડેલ છે અને દિન પ્રતિદિન આ પ્રકાર ના ગુનાઓમાં વધારો થતો જાય છે, જેથી સમાજમાં દાખલો બેસાડવા આરોપીને કાયદામાં ઠરાવેલ પુરેપુરી શિક્ષા કરવા તથા ફરીયાદીને યોગ્ય વળતર અપાવવા વિનંતી કરેલ છે.

(૧૪) ફરીયાદપક્ષની રજુઆતો ધ્યાને લીધી. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ જો ગુનો સાબીત થાય તો આરોપીને બે વર્ષ સુધીની કેદની સજા અથવા ચેકની રકમ કરતા બમણી રકમનો દંડ અથવા બંનેની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. ફરીયાદીની રૂ.૧,૧૨,૦૬૯/– જેટલી રકમ સંડોવાયેલ હોય, તેમને યોગ્ય વળતર અપાવવાનુ ન્યાયોચિત જણાય છે.

(૧૫) આમ, આ કેસની તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં તેમજ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના માટે ઠરાવેલ કેદની પુરેપુરી શિક્ષા ન કરતા ૧ વર્ષની સાદી કેદની શિક્ષા અને ચેકની રકમ રૂ.૧,૧૨,૦૬૯/– ફરીયાદીને અપાવવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતનુ માનવુ હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આ ખ રી હુ ક મ ::–**

**૧.** આ કામના આરોપી સંજયકુમાર મણીલાલ વાઘેલા, ઉ.વ.૪૦, ધંધો : વેપાર રહે.મુ.પો.વડોલ, તા.કપડવંજ જી.ખેડાનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના માટે ૧ (એક) વર્ષની સાદી કેદ ની સજા તેમજ આરોપીએ ફરીયાદી ને રૂા.૧,૧૨,૦૬૯/– (અંકે રુપીયા એક લાખ બાર હજાર અગણોસિતેર પુરા) હુકમ થયાના ૩૦ દિવસની અંદર ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. તકસીરવાન આજરોજ હાજર નથી અને ઉપરોકત વળતરની રકમ જમા કરાવેલ નથી. જેથી, આરોપીને તે કસૂર બદલ વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપી જે દંડની રકમ રૂ.૧,૧૨,૦૬૯/– જમા કરાવે તે દંડની રકમ જમા થયેથી સી.આર.પી.સી.કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે આરોપીએ ટ્રાયલ દરમિયાન જો કોઈ રકમ ફરીયાદીને ચુકવેલ હોય તો તે મજરે આપવી અને આરોપીએ કાચા કામના કેદી તરીકે કોઈ સજા ભોગવેલ હોય તો તે મજરે આપવી.

**૩.** આ કામના આરોપી આજરોજ હાજર ન હોય તેમની સામે સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૩૦ મી, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૩૦/૪/૨૦૨૬
કપડવંજ

**(ઉત્તમકુમાર એસ.કાલાણી)**
બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કપડવંજ
Code No.GJ-01125

SAC